# પ્રકરણ ૫ઃ

# સ્વપ્નતીર્થ

# સ્વપ્નવાસ્તવનું નિરૂપણ

ગાંધીનગર જિલ્લાના વાવોલ ગામે ૦૫મી જાન્યુઆરી ૧૯૩૬ના રોજ રાધેશ્યામ શર્માનો જન્મ થયો હતો પરંતુ તેમના કુટુંબનું મૂળ વતન ઉત્તર ગુજરાતનું રૂપાલ ગામ છે. પિતાનું નામ સીતારામ અને માતાનું નામ ચંચળબા. પિતાજી પહેલા શિક્ષક હતા પણ પછીથી હરિદાસ કથા પદ્ધતિમાં કથા અને વ્યાખ્યાનો કરતા થયેલા. માતા બહુ સામાન્ય ભણેલા. મેટ્રિકની પરીક્ષા પાસ કરી અમદાવાદની ગુજરાત કોલેજમાંથી તેઓ ગુજરાતી અને મનોવિજ્ઞાન વિષય સાથે સ્નાતકની પદવી મેળવે છે. કોલેજમાં લાભશંકર ઠાકર જેવા મિત્ર અને ઉમાશંકર જોશી જેવા શિક્ષકનો લાભ પણ તેમને મળે છે. ૧૯૫૨માં તેમના લગ્ન શારદાબહેન વ્યાસ સાથે થાય છે જેથી તેમને ત્રણ પુત્રો પણ થાય છે. ૧૯૫૮થી કરી ૧૯૬૫ સુધી રાધેશ્યામ શર્મા પિતાની જેમ જ ધાર્મિક કથા અને પ્રવચનો કરે છે. આ જ સમયગાળા દરમ્યાન તેઓ 'ધર્મલોક' નામના ધાર્મિક સામયિકનું સંપાદન કાર્ય પણ સંભાળે છે. એ જ રીતે પછીથી તેઓ 'અક્રમ વિજ્ઞાન' જેવા સામયિકના સંપાદક તરીકે પણ પોતાની સેવાઓ આપે છે.

૧૯૬૩માં પ્રગટ થયેલા 'આંસુ અને ચાંદરણું' કાવ્યસંગ્રહથી તેઓની સાહિત્યયાત્રા શરૂ થાય છે. પછી તો ૧૯૮૩માં 'સંચેતના', ૧૯૯૧માં 'નિષ્કારણ' અને ૨૦૦૬માં 'આકાશની ઉડ્ડયનલિપિ' જેવા કાવ્યસંગ્રહો ૧૯૬૮માં 'ફેરો' અને ૧૯૭૯માં 'સ્વપ્નતીર્થ' જેવી નવલકથાઓ ૧૯૬૯માં 'બિચારાં', ૧૯૭૭માં 'પવનપાવડી', ૧૯૮૪માં 'રાધેશ્યામ શર્માની શ્રેષ્ઠ વાર્તાઓ', ૧૯૮૬માં 'વાર્તાવરણ', ૨૦૦૦માં 'રાધેશ્યામ શર્માની વિશિષ્ટ વાર્તાઓ' અને 'કથાસૂત્ર', ૨૦૦૪માં 'રાધેશ્યામ શર્માની પ્રતિનિધિ વાર્તાઓ', ૨૦૦૬માં 'ઘટનાલોક', ૨૦૧૧માં 'ફ્લાવરવાઝ' જેવા વાર્તાસંગ્રહો ઉપરાંત ૨૦૦૦માં 'સૂત્રધાર' નામે નિબંધસંગ્રહ પણ તેઓ આપે છે.

૧૯૯૯થી કરી ૨૦૧૨ સુધી વીસ ભાગોમાં તેમણે ગુજરાતી સાહિત્યકારો વિશે લખેલ 'સાક્ષરનો સાક્ષાત્કાર' નામના ગ્રંથો સંશોધકો અને વિવેચકોને ખૂબ ઉપયોગી નીવડ્યા છે. તેમની પાસેથી વિવેચન ક્ષેત્રે પણ ઘણાં પુસ્તકો મળે છે. જેમાં ૧૯૭૩માં પ્રગટ થયેલ 'વાચના', ૧૯૭૨માં રઘુવીર ચૌધરી સાથે લખેલ 'ગુજરાતી નવલકથા', ૧૯૭૮માં 'સાંપ્રત', ૧૯૮૩માં કવિતાની કળા', ૧૯૯૩માં 'વિવેચનનો વિધિ', ૨૦૦૦માં 'નવલકથા નિર્દેશ', 'કાવ્યસંકેત', 'આલેખ', 'વાર્તાવિચાર' વગેરે જેવા વિવેચનગ્રંથોનો સમાવેશ કરી શકાય. તેમની સાહિત્ય સેવા

બદલ તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક, ધનજી કાનજી ગાંધી સુવર્ણચંદ્રક, અનંતરાય રાવળ વિવેચન એવોર્ડ તેમજ ક્રિટીક્સ એવોર્ડ જેવા અનેક પારિતોષિકો મળ્યાં છે. તેમના વિશે નવાઈ લાગે એવી એક એ છે કે તેઓ આજે પણ મોબાઈલ કે ટેલિફોનનોઉપયોગ કરતાં નથી. આજે પણ તેઓ પોતના દરેક કામકાજ માટે હાથે પત્રો લખે છે.

પ્રસ્તુત પ્રકરણમાં રાધેશ્યામ શર્માની 'ફેરો' પછીની મહત્ત્વપૂર્ણ નવલકથા 'સ્વપ્નતીર્થ'ને તેમાં નિરૂપાયેલા સ્વપ્નો થકી પ્રમાણવાનો ઉપક્રમ છે.

સાહિત્યની સાથો સાથ પત્રકારત્વ ક્ષેત્રે પણ ઉચ્ચ સિદ્ધિ મેળવેલ રાધેશ્યામ શર્મા ક્યારેક 'તથાતા' ઉપનામ સાથે સાહિત્ય સર્જન કરે છે. કવિતા, વાર્તા, નવલકથા, વિવેચન, નિબંધ, સંપાદન અને અનુવાદ વગરે ક્ષેત્રે તેમનું યોગદાન છે. આમ સાહિત્યના તમામ ક્ષેત્રોમાં તેમનું પ્રદાન અમૂલ્ય રહ્યું છે. તેમની પાસેથી ૧૯૭૦(પ્રયોગયુગ)માં સીમાચિન્હરૂપ કૃતિ 'ફેરો' મળે છે. 'ફેરો' બાદ ૧૯૭૯નાવર્ષે રાધેશ્યામ શર્મા પાસેથી આપણને 'સ્વપ્નતીર્થ' મળે છે. 'સ્વપ્નતીર્થ'ની બીજી આવૃત્તિ સમયે જ રાધેશ્યામ શર્મા જણાવે છે કે, "'ફેરો' પછી બીજી પ્રયોગશીલ કૃતિ પ્રગટ થાય છે. દસેક વર્ષે પ્રયોગના સ્વરૂપ-પરિમાણ અને પ્રયોગની સંભાવનાઓ વિશે વારે વારે નવલકથાનું સેવન જ ઇષ્ટ લેખાશે.' (પ્રસ્તાવના, પૃ.૭)

આમ, પ્રસ્તાવનામાં જ સર્જક સ્પષ્ટ કરી આપે છે કે આ કૃતિ પ્રયોગશીલ છે. વળી આ નવલકથાને સમજવા એકાદ વખતનું વાંચન પુરતું નથી. આ નવલકથાને વારંવાર સમજતા રહેવાના પ્રયત્ન વાચક તથા વિવેચકો દ્વારા થાય તે જ કૃતિના સર્જન કર્મ અને નવલકથાના હાર્દ સુધી પહોંચવા માટે આવશ્યક છે.

સમગ્ર નવલકથાને એક જ વાક્યમાં કહીએ તો એક તરુણ બાળકની પિતા વિશે જાણવાની, તેમને શોધવાની, બળકટ ઇચ્છા એટલે 'સ્વપ્નતીર્થ'. નવલકથાનો નાયક ૧૭-૧૮ વર્ષનો તરુણાવસ્થાથી યુવાની તરફ ડગલા માંડતો નવીન છે. નવીનના પિતા મથુરદાસ હયાત નથી અથવા તો ઘર છોડીને ચાલ્યા ગયા છે. ઘરમાં નવીન અને તેની માતા રહે છે. ક્યારેક તેના પિતાના મિત્ર વિનાયક કાકા ઘરે આવે છે. નવીન મેટ્રિકકમાં બે-ત્રણ વાર નાપાસ થયો છે. નવીનને ખુબ જ ઓછાં મિત્રો છે. અંતર્મુખી સ્વભાવનો નવીન ડાયરી લખે છે. લોકો નવીનને

'નવીન ચાલુ', 'નવીન ધીમો', 'નવીન માવડિયો' કહીને ચીડવે છે. આ તમામ મશ્કરી સામે નવીન કોઇપણ પ્રતિકાર કરતો નથી. નવીન તેની માતા સાથે પણ જાજો સંવાદ કરતો નથી. આસપાસના લોકો દ્વારા થતી વાતચીત પરથી નવીનના મનમાં અમુક શંકાઓ જન્મે છે. જેને બીજી કેટલીક ધટનાઓ સમર્થન આપે છે. આ શંકાઓ નવીનના મનમાં અનેક પ્રશ્નોના જાળા ગૂંથે છે. જેમકે, તેના પિતા કોણ છે? મથુરદાસ કે પછી માતા સાથે વાતો કરતા સિગારેટના ધુમાડા ઉડાડતા વિનાયક કાકા કે પછી...? નવીન પાસે આ તમામ પ્રશ્નોના કોઈ જવાબ નથી. કોઈ કહે છે કે નવીનના પિતા ઘર છોડીને ચાલ્યા ગયા છે તો કોઈ કહે છે કે, મૃત્યુ પામ્યા છે. નવીનના પિતા ચાલ્યા ગયા હોય કે મૃત્યુ પામ્યા હોય, જે કંઈ પણ હોય છતાં એવું થવા પાછળનું કારણ શું? નવીનની માતા? કે પછી નવીનની માતાના અન્ય કોઈ સાથે આડા સબંધની જાણ થતા તો પિતાએ ઘર નહિ છોડ્યું હોય ને? કે પછી મૃત્યુને વહાલું કર્યું? નવીન ખરેખર મથુરદાસનું જ સંતાન કે અન્યનું?

આવા અનેક પ્રશ્નોથી છૂટકારો મેળવવા નવીન અધ્યાત્મ તરફ વળે છે. ઘનશ્યામ મહારાજ દ્વારા આયોજિત ડાકોરની પદયાત્રામાં જોડાય છે. ડાયરીમાં ઘનશ્યામ મહારાજનો ફોટો લગાડે છે. તેમની જેમ વાળ ઓળે છે. આમ નવીન ઘનશ્યામ મહારાજથી પ્રભાવિત હોય એવું જણાય છે.

નવલકથાની શરૂઆત નવીનના મહાસ્વપ્નથી થાય છે. તેને એક જ રાત્રીમાં એકથી વધુ સ્વપ્ન આવે છે. જેનો ઉલ્લેખ નવીનના બે સ્વપ્નો પછી આવે છે. 'ચશ્માં ઓશિકા નીચે રાખીને સૂતેલા ચહેરાની ત્વચા પાછળ ખોપરીમાં રાતો સમુદ્ર મોજાંઓ મોકલતો હતો'(પાના નં.૩૯)

આ સ્વપ્નમાં જ નવીન વિશેની માહિતી સર્જક વચ્ચે આપી દે છે. જેમાં નવીનના જીવનના અમુક પ્રસંગો પણ સર્જક જણાવે છે. જેમાં તેની માતા અને વિનાયક કાકાના સંબંધ સાથે એક વ્યભિચારી વાઘરણનો પ્રસંગ સૂચિત રીતે મુકવામાં આવ્યો છે. નવીન પોતાની માતાથી દૂર રહેવા લાગે છે અને ઘનશ્યામ મહારાજની કથામાં જવા લાગે છે. નિશાળમાં તેના પિતાનું નામ પૂછવામાં આવે છે ત્યારે નવીન ક્ષણભર કશો જ જવાબ આપતો નથી. અહિ સમાંતરે ઈશુના જન્મની કથા જોડાય છે. એક સ્વપ્નમાં નવીનને અરીસામાં બીજો નવીન દેખાય છે. તે દોડતો આવી નવીનની ડાયરી લઈને લખવા લાગે છે.

હવે કથા ડાયરી સ્વરૂપે આગળ ચાલે છે. જેમાં ઘનશ્યામ મહારાજની પ્રેરણાથી છ દિવસની પગપાળા ડાકોરની યાત્રાએ જતા સંઘ વિશે માહિતી અપાઇ છે. આ સંઘ છ દિવસમાં કયા કયા સ્થળેથી પસાર થયો તેની વિગતોની સાથે રસ્તામાં ઉતારા, ભોજન અને ભજન વિશેની સ્થૂળ વિગતો આપવામાં આવે છે. ડાયરી બંધ થાય છે ત્યારે નવીનની સ્વપ્ન ડાયરી ખુલ્લે છે. જેમાં નવીન આખા દિવસની ઘટનાથી વિપરીત પ્રકારના સ્વપ્નો નિહાળે છે. સંઘ દરમ્યાન નવીનનું શારીરિક શોષણ પણ થાય છે. નવીન આ બાબતે કોઈ જ પ્રતિભાવ આપતો નથી. જાણે તેને કશો ફરક જ પડતો નથી.

અંતે સ્વપ્નમાં જ તેની ડાયરીનું વિસર્જન થાય છે. આ વિસર્જન સાથે પિતૃતર્પણનો સંદર્ભ જોડાય છે. સવારે નવીનની માતા તેને જગાડે છે ત્યારે વાચકને ખબર પડે છે કે આ તમામ વિગત સ્વપ્નમાં ચાલતી હતી. કેમકે નવીનની માતા તેને ઉઠાડતા કહે છે કે મહારાજશ્રીએ તને પદયાત્રાવાળી ડાયરી લઈને બપોરે બોલાવ્યો છે. નવીન જાગતા જ પોતાના સ્વપ્નો વિશે વિચારવા લાગે છે. તે સંચા પાસે રીંછને તો અરીસામાં બીજો નવીન છે કે કેમ તે જોવા લાગે છે.

નવીનનું એકલવાયું વ્યક્તિત્વ નવલકથામાં તેને આવતા સ્વપ્નો માટે પૃષ્ઠભૂમિ બને છે. નવીનના ચેતન-અચેતન મનની સ્થિતિ સ્વપ્નને તાલમેલીયા બનાવતા અટકાવી કલાકીય ઓપ આપે છે. નવીનના મનની આ દારુણ સ્થિતિ થોડાં પ્રતીક, કલ્પન સાથે સ્થળકાળથી વિસ્થાપિત થઈ સ્વપ્ન સ્વરૂપે પ્રગટ થાય છે. તેના મનનાં તરંગો, ઘુમરાતા પ્રશ્નો સ્વપ્ન સ્વરૂપે ચિત્રિત થાય છે. નવીનની ડાકોરયાત્રા સ્વપ્નયાત્રા બની રહે છે.

નવલકથાની શરૂઆત થાય છે ‘શબનિકાલની સમસ્યા’ નામના પ્રકરણથી. પ્રથમ દષ્ટિએ આ તમામ બાબત નવલકથા સાથે સાવ મનમેળ વિનાની લાગે. પરંતુ, સમગ્ર નવલકથામાંથી પસાર થતાં જણાય છે કે, આ શબનો કૂવો એટલે નવીનનું અચેતન મન. તેના અચેતન મનમાં અનેક ગ્રંથીઓ લાશ બનીને કોહવાઈ રહી છે. અનેક પ્રશ્નો સબડી રહ્યા છે, અને ગંધાયા કરે છે. જેનું અંતે ગોમતી કુંડમાં વિસર્જન થાય છે. નવલકથાની શરૂઆતની જેમ જ તેનો અંત પણ પ્રતીકાત્મક છે. નવલકથાના અંતમાં એક ચિત્ર છે જેમાં નીચે એક બાળક સુતું છે અને તેના ઉપર એક રીંછ છે. અહિ નવીનની સ્વપ્નસ્થ અવસ્થાનું ચિત્રણ કરવામાં આવ્યું છે.

'સ્વપ્નતીર્થ'ની સમગ્ર કથા ડાયરી તથા સ્વપ્નમાં ચાલે છે. નવલકથામાંથી પસાર થઈએ એટલે લાગે કે સમગ્ર કથા બે ભાગમાં ચાલે છેઃ ૧) નવીનની તીર્થયાત્રા અને ૨) નવીનની સ્વપ્નયાત્રા. પ્રથમ ભાગમાં યાત્રાના ક્ષુલ્લક વર્ણનો, ધર્મની પોકળતા, તરુણાવસ્થામાં અનુભવાતા યૌન સહજ આવેગો અને અન્ય ક્રિયાઓના વર્ણનોથી વધુ કંઈ નથી. પરંતુ આ ભાગની સુષુપ્તિને કારણે જ બીજા ભાગની સ્વપ્નયાત્રા ઊપસી આવે છે.

સમગ્ર નવલકથા એક વિશાળકાય સ્વપ્ન બની રહે છે. તેમ ઘણા વિવેચકોના મંતવ્ય છે. તો ઘણા તેને જાગૃતિમાં કરેલ તીર્થયાત્રા પણ ગણાવે છે. નવલકથાના અંતમાં નવીનને તેની માતા જગાડે છે ત્યારે તેમની વચ્ચે જે સંવાદ થાય છે તેના દ્વારા આ નવલકથાનું સ્વપ્ન સ્વરૂપ સ્પષ્ટ થાય છે. આ મહાકાય સ્વપ્નનું વિષયવસ્તુ નવીનની પૂર્વે થયેલ જાગૃતિની તીર્થયાત્રામાં જ રહેલ છે.

'ત્યારે હમણાં તો તું કાંક એવું બોલી કે મારે ડાકોર સંઘમાં જવાનું છે પાછું.'

'તને ઊંઘમાં ભાસ થયો હશે. આજે તો તું બઉ બોલબોલ કરતો'તો રાતે.' (પાના નં. ૧૫૪)

પ્રથમ ઉક્તિ નવીને અગાઉ કરેલ યાત્રાની સાક્ષી પૂરે છે. તો બીજી ઉક્તિ તેની સ્વપ્નસ્થ સ્થિતિને વર્ણવે છે. સ્વપ્નમાં ઘણીવાર વ્યક્તિ ડર કે ઉત્તેજના અનુભવે ત્યારે ઊંઘમાં બબળાટ કરતો હોય છે.

હવે આપણે જો સમગ્ર નવલકથાને એક વિશાળ સ્વપ્ન માનીએ તો આ ૧૨૧ પૃષ્ઠોની નવલકથામાં કુલ સાત સ્વપ્નો રજૂ થયાં છે. આ સ્વપ્નોને પણ વિષયવસ્તુ અને અનુભૂતિ મુજબના પ્રકારોમાં વિભાજીત કરી શકાય. અહીં રજૂ થયેલ સ્વપ્નોમાં અરીસામાં જ અરીસાવાળું દિવાસ્વપ્ન અને અંતિમે ગોમતી કુંડવાળું સ્વપ્ન ઉત્કૃષ્ટ કલાકીય માવજત પામ્યાં છે. પ્રથમ દિવાસ્વપ્નથી તીર્થયાત્રાની શરૂઆત થાય છે. તો અંતિમ દિવાસ્વપ્નથી આ સ્વપ્ન યાત્રા વિસર્જન પામે છે.

'સ્વપ્નતીર્થ' નવલકથાના સ્વપ્નને બે વિભાગમાં વહેંચી શકાયઃ ૧. યાત્રા પૂર્વેના સ્વપ્નો અને ૨. યાત્રા દરમ્યાનના સ્વપ્નો. યાત્રા પૂર્વેના સ્વપ્નો સરળ અનુભૂતિના છે જ્યારે યાત્રા

દરમ્યાનના અનુભવો દુઃસ્વપ્નની કક્ષામાં મૂકી શકાય એવા છે. યાત્રા પૂર્વે નવીનના મન અને મસ્તિષ્કમાં ત્રણ સ્વપ્નના મોજાં એક પછી એક આવીને ત્રણ સ્વપ્ન થર બનાવે છે. યાત્રા દરમ્યાન ચૌલાગામ, રોતલકૂવા અને ડાકોરધામની ધર્મશાળામાં કુલ છ દિવસની યાત્રામાં નવીનને પાંચ સ્વપ્નો આવે છે.

પ્રથમ સ્વપ્ન છે 'શબનિકાલની સમસ્યા'વાળો મુદ્દો. પારસીઓ પોતાની ધાર્મિક માન્યતાઓ મુજબ મૃત્યુ બાદ શબને સળગાવતા કે દફ્વતા નથી. તેઓ એક શબ કૂવો બનાવે છે. જેમાં શબને મૂકી દેવામાં આવે છે. ગીધ- સમડી જેવા પક્ષીઓ આ શબનું ભક્ષણ કરે છે. હાલ શહેરમાં આવા પક્ષીઓ ન હોવાને કારણે શબ અર્ધ-કોહવાયેલ હાલતમાં શબ કુવામાં પડ્યા રહે છે. જેને કારણે આસપાસ રહેનારા લોકોને સમસ્યા ઉદ્ભવી છે. કોઈ સબંધીનું શબ સાવ આમ વિકૃત હાલતમાં પડ્યું રહે તો પણ દુઃખ ઉદ્ભવે તેથી પારસીઓની મંડળી આ સમસ્યાનું સમાધાન શોધવા એકઠી થઈ હોય છે. ચર્ચાને અંતે હવે પછી શબને દાટીને, બાળીને કે દરિયામાં વહાવીને નિકાલ કરવો તેવું નક્કી કરવામાં આવે છે. આમ દેખીતી રીતે આ સ્વપ્ન એક તરુણને આવે ત્યારે સર્જક પ્રેરિત જ લાગે. પરંતુ આ સ્વપ્ન નવીનના મનની ઉપજ કરતા સર્જકના મનની પ્રયુક્તિ વધુ લાગે છે.

આ કોહવાયા વિનાના શબની જેમ જ નવીનના મનમાં પણ અનેક પ્રશ્નો ખદબદી રહ્યા છે. તેનો માર્ગ શોધવા જ નવીન ઘનશ્યામ મહારાજના સંઘમાં જોડાઇ અંતે પોતાના વિચારોનું તર્પણ કરી પાછો ફરે છે.

આ સ્વપ્ન બાદ નવીન બીજા સ્વપ્નમાં એક વાણિયાને છાપું વાંચતા જુએ છે. તે સમાચાર પત્રની પાછળ જતા દીવાલ પર પદયાત્રા સંઘનું ચોપાનિયું જુએ છે. આ બાબત તેણે યાત્રા કરી હોવાનો પુરાવો બને છે. આગળનું સ્વપ્ન નવીનને 'પદયાત્રા સંઘ'ના ચોપાનીયાની સામેથી ઊંચકીને ક્યાંય અદ્ધર તરંગાવસ્થામાં પહોંચાડી દે છે. જ્યાં નવીન પોતાને હવામાં ઉડતો જુએ છે. ડાઘીયા કૂતરાંથી બચવા એકાએક હવામાં અદ્ધર થયેલ નવીનની પાછળ કૂતરો પણ છલાંગો મારે છે. નવીન વધુને વધુ ઊંચે જાય છે. તેની પાછળ નવીન બગીચા, મિનારા, નદીથી દૂર અચાનક કોઈ ફીણ ભરેલ ખીણ પર ટીંગાતો હોય છે. ત્યાંથી નવીન અચાનક છટકે છે અને નીચે

પડવા લાગે છે. નવીનને તે સમયે ચકડોળ ઉપરથી નીચે આવતા પેટમાં જેવા પરપોટા ફૂટે તેવી જ અનુભૂતિ થાય છે. જાણે ડર સાથેનો રોમાંચ.

અહિ પેલો ડાઘીયો કૂતરો નવીનનો પીછો નથી છોડતો. આ ડાઘીયો કૂતરો નવીનનું વૈચારિક મન છે. તેનાથી ક્ષણિક દૂર જાય છે ત્યાં ફરી ભટકાય છે. આમ નવીનના મનમાં ચડાવ ઉતાર આવતા જ રહે છે. સ્વપ્ન પછી જે ઉલ્લેખ થયો છે તેનાથી એટલું જાણી શકાય છે કે, નવીન હંમેશા તરંગોમાં રાચતો હશે. તેના વિચારો ઊંચે-ઊંચે ચડે છે અને અચાનક નીચે પડી વિખેરાય છે. નવીન સ્વપ્ન અવસ્થામાં જ તરંગો અનુભવે છે એવું નથી. આવા તરંગના મોજાં સુઈ ગયેલ કિશોર ઘણીવાર ફાટેલા મોજાંની જેમ એક પછી એક પહેરે છે. અહીં એક જ રાત્રીમાં અલગ-અલગ સ્વપ્નનો ઉલ્લેખ થયો છે. સ્વપ્નનું તરંગીન મોજું ફરે છે. કિશોરનો ચહેરો અને રાતા સમુદ્ર ભરેલી ખોપરી ઓશિકાના એક છેડાને છોડી બીજા છેડે દળી આવે છે અને નવીન કોઈ દિવ્ય મહેમાનની આગળ એવરેડી બેટરી લઈને મહાલય આગળ ચાલતો નજરે પડે છે. આ દિવ્ય જગ્યા જોઈ નવીનને લાગે છે કે ‘સ્વર્ગના દેવો વિમાનમાંથી પુષ્પોનો વરસાદ આવા કોઈ સ્થાનથી જ કરતા હશે’ (પાના નં.૪૧) ઉપરથી તમામ બાબત તેને સ્પષ્ટ દેખાય છે. લોકોના કપડાની આરપારનું દૃશ્ય જોઈ નવીમ ક્ષણિક શરમાઈ જાય છે. અચાનક પેલા દિવ્ય પુરુષને દૂરથી પોતાના ઘરની બારીમાં ઊભેલા ઊભેલા રીંછ તરફ આંગળી ચીંધે છે. જેના હાથમાં રંગબેરંગી ધજાવાળો દંડ હોય છે. ‘આ અમારા પરિવારનું પ્રેત છે !’ (પાના નં.૪૧) આ રીંછ રૂપી પ્રેત એટલે નવીનના પિતા અને ધજા સાથે નવનની તીર્થયાત્રાનો સંદર્ભ ખૂલે છે. રીંછને ભગાવતા નવીનની ચીસ નીકળી પડે છે. અહીં સ્વપ્ન પૂર્ણ થાય છે. અહીં નવીન સ્વર્ગમાં પહોંચે છે. પિતાને સ્વર્ગ સુધી પહોંચાડવાની બાબતમાં તેના પિતાને સદ્ગતિ કરાવવાની ઇચ્છા પ્રતિબિંબિત થાય છે. સ્વપ્ન પછી ઘનશ્યામ મહારાજના મેળાપની કથા રજૂ કરવામાં આવી છે. જેથી સ્વપ્નમાં દેખાતા દિવ્ય પુરુષ ઘનશ્યામ મહારાજ હોઈ શકે.

આગળ ફરી એક દિવાસ્વપ્ન રજૂ થયું છે. જેમાં નવીનના બાળપણનો સ્કૂલનો સમય રજૂ થયો છે. ત્યાં શિક્ષક તેની ભૂલને કારણે હાથમાં પટ્ટી મારે છે. દિમાગમાં કઈ બેસે છે કે નહીં તેવા ઉદ્દેશથી શિક્ષક કહે છે, ‘તારી ખોપરી છે?’ (પાના નં.૫૪) રાતા સમુદ્રને ન ઓળખી શકતા નવીનને શિક્ષક કહે છે કે ‘ખોપરીમાં વહે છે એવું રાતું રાતું લોહી કોઈ દી’ જોયું નથી ભૂંડ?’

(પાના નં.૫૪) ખોપરી સાથે નવીન શબ્દરમતે ચડે છે. નાયક વિનાયક, લાયક, નાલાયક સહાયક ઘનશ્યામ... અને ફરી નવીનનો પદયાત્રા સંઘ સાથેનો તાણો-વાણો જોડાય છે.

આગળના સ્વપ્ન ચિત્રમાં નવીનની સામે જ અરીસામાં અરીસાઓ દેખાય છે જ્યાં અરીસામાંનો નવીન બહાર કૂદી પડે છે... અને ડાયરી લખવા માંડે છે. અરીસામાં-અરીસાઓ, સ્વપ્નમાં સ્વપ્નની પ્રસ્તુતિ રજૂ કરે છે. અરીસામાંથી કૂદેલ નવીન કયાં નંબરનો નવીન નંબર એક કે બે. આવા વિચારો ક્ષણિક એકબાજુ મુકી બીજો નવીન ડાયરી વાંચવાની શરૂ કરે છે. અને ત્યાંથી જ તીર્થયાત્રાની સાથોસાથ સ્વપ્ન યાત્રાની શરૂઆત થાય છે.

યાત્રાની પ્રથમ રાત્રિએ તેને જે સ્વપ્ન આવે છે તેમાં તે પોતાને ઘોડિયામાં સૂતેલો ભાળે છે. માતાને કિંમતી સાડી, ઝળહળતા દાગીના પહેરેલી અને પાન ચાવતી બેસેલ જુએ છે. થોડીવારમાં ઢોલ-ત્રાંસા અને શરણાઇના સૂર સંભળાય છે. તો થોડીવારમાં જ સંચાને કોઈક વેગથી ધડેડાટ ધ્રુજાવે છે. ઘોડિયામાંથી સંચા પાસે બેસેલ વ્યક્તિની માત્ર પીઠ જ દેખાય છે અને તેના કાન પર પિત્તળની ફ્રેમવાળા ચશ્માંની દાંડી દેખાય છે. આ ચશ્માં નવીનના પિતાએ ફોટોમાં પહેરેલ હોય છે એવા જ હોય છે. આમ તે વ્યક્તિ નવીનના પિતા હોઈ શકે. ત્યાં જ તેની માતા અજાણ્યાં રંગનું ફૂલ તે પુરુષને આપે છે. પુરૂષ ઊંચે જુએ છે તો પિતાના લટકતા ફોટોમાં જે ચહેરો હોય છે તે જ ચહેરો દેખાય છે. હવે નવીનને ખાતરી થઈ જાય છે કે આ પિતા જ છે પરંતુ ક્ષણ ભરમાં તેને કાકાના ફોટામાં વિનાયક કાકાનું પ્રતિબિંબ ઝિલાય છે. ત્રીજીવાર જુએ છે તો ઘનશ્યામ મહારાજ દેખાય છે.

ઘનશ્યામ મહારાજ પાસે માથું ઢાળી સુતેલ માતાને નવીન દેખે છે. માતાના સેંથામાં ઘનશ્યામ મહારાજ સિંદૂર પૂરે છે. અહીં આ સ્વપ્નમાં નવીનના મનની ગૂંચ રજૂ થઈ છે કે એના પિતા આખરે કોણ? લોકોના વિચારો અને તેણે જોયેલ અમુક સ્થિતિને કારણે તેના પિતા કોણ છે તે સમજવાની મથામણ તેના મનમાં ચાલે છે. એક વાર પાઠશાળામાં તેના પિતાનું નામ પૂછવામાં આવે છે ત્યારે પણ તે તત્કાળ કોઈ જ જવાબ આપતો નથી. તેના આ વર્તનનું કારણ અહિ સ્વપ્નમાં મળે છે. તેના આ વિચારો નવીનને મનમાં ખૂંચે છે. તેના પુરાવારૂપે ઘોડિયામાં માતાની માથાની પીન તેને ખૂંચે છે. અહીં હવે બધું જ અચાનક વરાળની જેમ ઓગળીને વિલીન થઈ જાય છે. સ્વપ્નના કે મનના તરંગો જેમ ક્ષણવારમાં વિલીન થાય તેમ જ. નવીન બાળક સ્વરૂપે ખંડિયેર

જેવી વાવના ગોખમાં જઈ પડે છે. આ ખંડેર એટલે અજ્ઞાન અને અસમંજસતા. અહિ ગણપતિ જમણી સૂંઢવાળા હતા પણ સૂંઢનો મહત્ત્વનો છેડો ભ્રષ્ટનષ્ટ હતો. ભારતીય ધાર્મિક માન્યતા મુજબ જમણી સૂંઢવાળા ગણપતિ સૌથી શુભ માનવામાં આવે છે. પરંતુ તેની શુકનવંતી સૂંઢ જ નષ્ટ થયેલ છે. અહિ નવીન અને તેની માતા સાથેનો, તેના પિતા સાથેના વિચ્છિન્ન સબંઘની કલ્પના કરવામાં આવી છે. નવીન ઘોડિયામાં પ્રથમ સુતો હોય ત્યારે પણ તેના હાથના અંગુઠાને ચૂસતો હોય છે. અહીં માતા સાથેના સ્તનપાનનું અનુસંધાન છે. આવું અગાઉ પણ તેના મોઢામાં હતું જે હાલ નથી. અહીં સૂંઢનો ભ્રષ્ટનષ્ટ ભાગ માતા સાથે કપાયેલ સંબંધને રજૂ કરે છે. નવીનના રૂદન સાથે સ્વપ્ન પૂર્ણ થાય છે.

ત્રીજે દિવસે નવીનને જે સ્વપ્ન આવે છે તેમાં ફરી ઘર અને સંચો દેખાય છે. જેમાં સંચા પર છાપું પડ્યું છે અને તેમાં એક લેખ છેઃ ‘બાળકો શું ઝંખે છે?’ આપણને તરત લાગે કે, નવીનની ઇચ્છાઓ અહીં લેખ દ્વારા રજૂ થશે પરંતુ એ અપેક્ષાની વિરુદ્ધ અહીં સર્જક વૈશ્વિક સૃષ્ટિને આવરી લે છે. પરંતુ નીચે ટચૂંકડું વાક્ય નવીનના અચેતન મનને રજૂ કરી જાય છે. જેમાં લખ્યું છેઃ

‘પત્તો આપનારને ઇનામ.

ગઈ તા...ના રોજ સવારે નવ વાગ્યાના સુમારે ઉપરના ફોટાવાળો ચિ. નવીન વિનાયક શાહ ઉ.વ. ૧૪ એકવડીયો બાંધો, ઘઉંવર્ણો, સફેદ બુશશર્ટ અને ખાખી કલરનું પેન્ટ પહેરેલો એકાએક ગુમ થયો છે. પત્તો આપનારને યોગ્ય ઇનામ.

ચિ. ભાઈ નવીન,

જ્યાં હોય ત્યાંથી જલ્દી ઘેર આવી જા. તારાં બા કલ્પાંત કરે છે, ગઈ કાલનું કોઈએ ખાધું નથી. તને કોઈ જાતનો ઠપકો આપશે નહિ. જ્યાં હોય ત્યાંથી સરનામું મોકલ. પૈસા જોઈએ તો મંગાવજે.’ (પાના નં. ૧૧૦)

અહીં પિતાના સ્થાને વિનાયક કાકાનું નામ નવીનના અચેતન મનમાંથી ઉપસી આવેલ છે. તેની માતા દ્વારા પાછા આવતા રહેવાની આજીજી તેની અને તેના માતા વચ્ચે વધેલ અંતરને સૂચવે છે.

ચોથા દિવસે નવીન જે સ્વપ્ન જુએ છે તે ડાયરી લખતા નવીનને પ્રથમ અરીસામાં જોયેલ તે બાબત સાથે સાંકળે છે. ત્યાં પણ નવીન તેના વાળને ઘનશ્યામ મહારાજની જેમ ઓળે છે. અહીં તે ક્રિયા પૂર્ણ થાય છે. અહીં પહેલી વખતે અરીસામાંથી નીકળેલ નવીન બીજા નવીનને શોધે છે. અહીં અવાજ સાથે ચામાચીડિયું ઊડીને વાગોળમાં ઊંધું લટકે છે અને ભયનું વાતાવરણ ઊભું થાય છે. થોડી વારે સંચાની નીચેથી કેશલ(ઘટાદાર કેશવાળી)વાળો હાથ નવીનને ખેંચે છે... ક્ષણભર નવીન ડરી જાય છે. સંચા નીચેથી રીંછનું બચ્ચું નીકળે છે. જે તેણે પ્રથમ સ્વપ્નમાં જોયેલ રીંછના જેવું જ લાગે છે. જો પ્રથમ રીંછ પિતાનું પ્રેત ગણાવીએ તો આ રીંછના બચ્ચાને નવીનનું જ બાળ રૂપ ગણી શકાય. આ રીંછનું બચ્ચું માતાની પ્રદક્ષિણા કરે છે. અહીં માતૃભક્તિ રજૂ થાય છે. થોડી જ વારમાં રીંછની આંખ પર કાકા જેવા પિત્તળની દાંડીવાળા ચશ્માં દેખાય છે. અહીં પ્રેત રૂપી પિતા સાથે નવીન સંવાદ કરે છે. જેમાં પિતા નવીનને ‘સદ્‌ગતિ કરાવીશ?’ એવો પ્રશ્ન કરે છે. ભારતીય હિન્દુ ધર્મ મુજબ પુત્ર પિતાને તર્પણ કરી સદ્‌ગતિ આપતો હોય છે. અહીં એ જ સંદર્ભ રજૂ થયો છે. સ્વપ્નમાં જોયેલ સ્થળ કે વ્યક્તિ પરિચિત હોય તો જાગીને વાસ્તવમાં પણ માનવ તેના તાળા મેળવતો હોય છે. ખરેખર સ્વપ્ન હતું કે સત્ય તે જાણવા સંચા સામે નવીન જોઈ રહે છે પરંતુ ત્યાં સ્વપ્નમાંનું કોઇ જ હોતું નથી.

પાંચમા દિવસે ધર્મશાળામાં સૂતેલો નવીન સ્વપ્નમાં કોઇ બિહામણા જંગલમાં પહોંચી જાય છે. જ્યાં તેને ઘનશ્યામ મહારાજે બ્રહ્માની પ્રતિભાની શોધમાં મોકલ્યો હોય છે. પરંતુ આ કારણ તેને ભુલાઈ જાય છે. અહીં જંગલની જાળી તેના મગજના વિચારોની જાળીઓ છે. આખું વન પીપળાના વૃક્ષોનું છે. ભારતીય પરંપરામાં પીપળો પિતૃ તર્પણનો પર્યાય ગણાય છે. પિતૃને પીપળે પાણી પીવડાવવાથી સદ્‌ગતિ થાય છે. તેવું હિન્દુ ધર્મમાં માનવામાં આવે છે. ભટકતો ભટકતો નવીન ઘટાદાર ઝાડ નીચે આવી પહોંચે છે. ત્યાં ઝાડની ડાળી પર માતાએ પહેરેલ સાડી જેવી ચુંદડી દેખાય છે અને એક ખડક દેખાય છે. જેના પરથી લોહી ટપકી રહ્યું હોય છે. આ ટપકતું લોહી બલિનો નિર્દેશ કરે છે. આ બલિ એટલે માતા-પિતાના પ્રેમની બલિ. તલવારની પેલે

છેડે તેને કોઈ ઊભેલું જણાય છે અને બન્નેની વચ્ચે ખડગ(તલવાર) જોલા ખાય છે. આ પિતા-પુત્ર વચ્ચે ઝુલતી તલવાર છે. પિતાને મળવાની ઝંખના અહીં સુંદર રીતે રજૂ થઈ છે. 'પરસ્પરને ભેટવાની અમારી બંનેની ચાહ એક તરસનું રૂપ લેવા લાગી.'(પાના નં.૧૪૫) નવીન ખડગ સામેની વ્યક્તિને આપવા જતાં અજાણતા જ તે સામે વાળાને વાગી જાય છે. શિવલિંગ નજીક પિત્તળની દાંડીવાળા તૂટેલા ચશ્માં દ્વારા નવીનના પિતાની ઉપસ્થિતિ વ્યંજિત થાય છે. નજીકમાં ફરીથી પેલું પ્રેતરૂપી રીંછ ઘાયલ હાલતમાં પડ્યું હોય છે. ત્યાંથી દોડતો નવીન ટ્રેનમાં જઈ બેસે છે. પિતાની સ્મૃતિથી ભાગવાનો અહીં પ્રયત્ન છે. તે જેટલો ભાગે છે તેટલી જ પિતાની સ્મૃતિ તેને વધુ ગાઢ રીતે ભરડામાં લે છે. ટ્રેનમાં પણ પિતા ટિકિટ ચેકરના સ્વરૂપે મળે છે. પિતા સાથે જગ્યા પર બેસવા બાબતે રકજક થતાં પિતા ફરી પેલો ધજાવાળો દંડ પકડાવી નીચે ઉતારી દે છે. અહીં તેની યાત્રાના સંદર્ભો સાથે વણાય છે. યાત્રામાં વૈષ્ણવો તેને બગી પર બેસાડે છે. ત્યાં પણ છત્ર ધારી પિતા જ દેખાય છે. માતા ફરી શણગાર સજી ઝરૂખામાંથી પિતા-પુત્ર પર ફૂલ વરસાવે છે. અહિ નવીનની સંપૂર્ણ સુખી કુટુંબ જીવન જીવવાની ઝંખના સ્વપ્નમાં પૂર્ણ થાય છે પરંતુ ઉપરથી માતાને ફેંકેલ ફૂલ સુંગતા સુવાસ વિનાના ખોટા જણાય છે. એટલે આ આત્મસંતોષ ક્ષણભંગુર છે. સીટીના અવાજે નવીનનું સ્વપ્ન ટૂટે છે. નવીનની માતાએ તેને જણાવેલ હોય છે કે તેના પિતા પણ ઠાકોરના ભક્ત હતા અને જાત્રા કરવા ગયેલ. અહિ ટ્રેનમાં તેના પિતાના હાથમાં રહેલ ધ્વજ યાત્રાને સૂચવે છે. તેને અગાઉ જોયેલ રીંછ ફરી ફરી સ્વપ્નમાં આવી દઢ બને છે.

છઠ્ઠા દિવસે ગોમતી ઘાટે તેને જે સ્વપ્ન આવે છે તે ખરેખર તો તંદ્રાવસ્થા અથવા દિવાસ્વપ્ન છે. રણછોડરાયના દર્શને પહોંચેલ નવીનને પ્રભુચરણ સંચાના લોખંડ જેવા ઠંડા હેમ જેવા અનુભવાય છે. અહીં સંચો માતા સાથે અને તેનું ઠંડાપણું પિતા સાથે સંકળાય છે. દોલોત્સવ ચાલતો હોય ત્યારે કેસુડાના રંગથી છંટાવામાં પોતે બચી જાય છે. આમ તેનું વ્યક્તિત્વ ઉપરી રંગે રંગાતું નથી. ફરી કોઈ અજાણી વ્યક્તિમાં વિનાયક કાકાને આવેલા ભાળે છે અને તેમને બગલ થેલો આપી ગોમતી ઘાટમાં સ્નાન માટે ઉતરે છે. ડૂબકી મારી બહાર આવે છે તો પોતાની જ ડાયરીના વિખરાયેલા પન્ના તેના હાથમાં આવે છે. જેમાં ઘનશ્યામ મહારાજનો ફોટો હોય છે પરંતુ એક ક્ષણ પછી જોતા તે ફોટાવાળું પાનું કોરું દેખાય છે. અચાનક સ્મશાન તરફનો પવન છૂટે છે. અહીં ગોમતી ઘાટમાં તેની સ્મૃતિનું, ઘનશ્યામ મહારાજનું, અને સમગ્ર યાત્રાનું વિસર્જન

થતું જણાય છે. પિતાની છબીમાં ઘનશ્યામ મહારાજને જોતો નવીન તે વિચારોનું પણ વિસર્જન કરે છે. વિચારો રૂપી માછલાં તેને જ કોરી ખાવા લાગે છે. 'માછલાં બટક બટક ચાટવા લાગ્યાં. હું કટકાતો બટકાતો ખવાતો ચાલ્યો.' (પાના નં.૧૫૩) ફરીથી તેનું લાલ લોહી સાથે અનુસંધાન થાય છે. અહીં બગલ થેલાને કાચબાની ઉપમા અપાઇ છે. આ તેના વિચારો રૂપી બગલ થેલો-કાચબો તેને ઊંડાને ઊંડા જળમાં ખૂંપાવતો-ખેંચતો જાય છે. આમ, તેના જ વિચારો નવીનને ખેંચતા જાય છે. નવીનના મુખેથી તીણી ચીસ નીકળે છે અને સ્વપ્ન પૂર્ણ થાય છે.

આ દિવાસ્વપ્ન સાથે સમગ્ર યાત્રા સ્વપ્ન પૂર્ણ થાય છે. તેના સંવાદોથી લાગે છે કે ક્યારેક તો તેણે આ યાત્રા કરી હશે તેની નોંધ રૂપે ડાયરી પણ લખી હશે. આમ, સમગ્ર નવલકથા એક વિશાળકાય સ્વપ્ન બને છે.

આ સ્વપ્નોમાં વિવિધ બાબતોને રજૂ કરતાં કલ્પનો પ્રતીકો અને રૂપકોને સમાવવામાં આવ્યા છે. જેમાં સૌથી મહત્ત્વના ચાર પ્રતીકો છેઃ ૧. સંચો ૨. રીંછનું પ્રેત ૩. પિત્તળની દાંડીવાળા ચશ્માં અને ૪. ધજાવાળો દંડ. જેમાં સંચોએ માતાની દુનિયાને ઉજાગર કરે છે. રીંછનું પ્રેત અને પિત્તળની દાંડીવાળા ચશ્માં નવીનના પિતાની સ્મૃતિ છે. ધજાવાળો દંડ પિતાને સદ્ગત કરવા માટે તીર્થયાત્રાનું સૂચક બને છે.

શરૂઆતના ત્રણ સ્વપ્નો કોઈ દિવ્ય દુનિયાને રજૂ કરે છે. બાકીના ત્રણ સ્વપ્નો નવીનના અચેતન મનની વિચારધારાને રજૂ કરતા નાઇટમેર બની રહે છે. અંતિમ દિવાસ્વપ્ન તેના સમગ્ર વમળમય જીવનને રજૂ કરે છે.

નવીનની પિતા વિશે જાણવાની આશા અધૂરી જ રહે છે. પિતાને વિનાયક કાકા અને ઘનશ્યામ મહારાજમાં જોતા અને ડાકોરના ગોમતી કૂંડમાં વિલીન થતાં જૂએ છે. આમ આ નવીનની સ્વપ્નતીર્થયાત્રા પિતાથી પ્રેત સુધી વિસ્તરી અંતે પરમાત્મામાં વિસર્જિત થાય છે.

નવીનને સ્વપ્નમાં વારેવારે લાલ લોહી દેખાય છે. જે લોહીના સંબંધોને વિખરતા દર્શાવે છે.સ્વપ્નમાં આમ પણ તેજ-પ્રકાશ કે Dark (Black & Red) જેવા રંગો જ દેખાતા હોય છે. એ સિવાય ખીલા, પીન, ખડગ, તલવાર જેવા શસ્ત્રો જુએ વસ્તુ છે. જે તેના પિતા સાથેના વિચ્છેદિત સંબંધોને દર્શાવે છે. પર્વત, સમુદ્ર, મહાલય, અરણ્ય, શિવાલય જેવા પ્રાકૃતિક રૂપકો નવીનના

ભાવ પ્રદેશને વિસ્તારે છે. કૂતરો, રીંછ, રીંછનું બચ્ચું, ગરોળી, દેડકા, તેતર, ચામાચીડિયું, માછલા, કાચબો જેવા પશુ-પક્ષીઓ નવીનના માનસિક ચિત્રોને રજૂ કરવા સહાયક બને છે. નવીનના સ્વપ્નોમાં લોહી, ધજા, દંડ, ફોટો, ચશ્માં, છત્ર, સંચો ઘરેણાં, સાડી, પાન, ફૂલ, લાકડી, અરીસો, કાંસકો, ઘોડિયું જેવા પદાર્થો તથા ખીલા, પીન, ખડગ, તલવાર, જેવા શસ્ત્રો પણ દેખા દે છે. રંગોની વાત કરીએ તો લાલ, રાતો, કાળો, ભૂખરો જેવા રંગો જોવા મળે છે. આ તમામ પ્રતીકો, રૂપકો, ભાવકે ભાવકે સંદર્ભે સંદર્ભે ભિન્ન અર્થઘટન પામી શકે છે. આ તમામ કલ્પનો સંદર્ભને કારણે ભિન્ન છે પરંતુ જ્યારે વારંવાર પ્રયોજાઈને પ્રતીકનું સ્વરૂપ ધારણ કરે છે ત્યારે અભિન્ન ઘટક બને છે. આ તમામ સ્વપ્નોની ગતિ વર્તુળાકાર છે. તેમાં સતત પુનરાવર્તન થાય છે. અહીં સ્વપ્નમાં કોઈ દેખીતો સંઘર્ષ નથી કે નથી તેનો કોઈ નિશ્ચિત આરંભ કે અંત. નવીનના અચેતનની મનની શબ નિકાલની સમસ્યા અવિરત ચાલ્યા કરવાની તેનો કોઈ નિવેડો નથી.

નવલકથા સ્વપ્નમાં સ્વપ્નની ગૂંથણી અને ડાયરી સ્વરૂપે રજૂ થયેલ છે. અગાઉ કહ્યું તેમ તીર્થયાત્રાના ક્ષુલ્લક વર્ણનોમાં સીધી સુરેખ સરળ ભાષાનો પ્રયોગ જોવા મળે છે. બીજી તરફ સ્વપ્નની ભાષા પ્રયોગાત્મક અને લયાત્મક છે. તેમાં વિવિધ પ્રતીકો, કલ્પનો, રૂપકો છે. પ્રથમ સ્વપ્નના અંતની શબ્દ રમત નવીનના આંદોલિત મનને રજૂ કરવા ઉપકારક બને છે. નવીન સ્વપ્ન જોઈ રહ્યો છે એ બાબત રજૂ કરતાં આ શબ્દ ઘટકને જુઓ : 'કિશોરનો ચહેરો -અને રાતા સમુંદર ભરેલી ખોપરી ઓશીકાના એક છેડાને છોડી બીજા છેડે દડી આવી.' (પાના નં.૪૦) અહીં નવીનને એક સ્વપ્નમાંથી બીજા સ્વપ્નમાં સરકાવતી શબ્દ રમત છે. સ્વપ્ન મોટે ભાગે ચિત્રાત્મક હોય અને તેને શબ્દોમાં રજૂ કરતી વખતે ભાષા પણ ઉચ્ચ કલાકીય દૃષ્ટિ માંગી લેતી હોય છે. સૌમ્યતા દર્શાવવા 'ધોળા ધફ્ફ કપડાંમાં શોભતા મહેમાન' તો ભયાનકતા દર્શાવવા 'કાળા ભમ્મર મસમોટા રીંછ' જેવા વર્ણનોમાં વપરાયેલા શબ્દો માત્ર ધોળું કે માત્ર કાળું નથી. ધોળું ધફ્ફ અને કાળું ભમ્મર કહ્યું છે. જે સ્વપ્નની Darknessને Specified કરે છે, વિશ્લેષિત કરે છે.

સ્વપ્નને ચિત્રિત કરવા ક્યાંક ચિત્રાત્મક વર્ણન જોવા મળે છે. આંખ, કાન વગેરે ઇન્દ્રિયને સતેજ કરતા વર્ણનો પણ છે. જેમકે, 'પ્રવેશ દ્વાર ખોલતા જે કડડડ અવાજ ઉઠ્યો', 'કિચૂડ કિચૂડ ઘોડિયાનો અવાજ', 'સિસોટીનો અવાજ', 'તીણી ચીસ' કર્ણેન્દ્રિયને પોષે છે. તો પુષ્પોને

સુંઘવાની ક્રિયા ધ્રાણેન્દ્રિયાને રજૂ કરે છે. અહીં સમગ્ર સ્વપ્નચિત્રને ભાષા દ્વારા ચિત્રિત કર્યું છે. મોટે ભાગે સ્થિર વર્ણન છે તો ક્યાંક ગતિશીલ વર્ણનો પણ છે.જેમ કે, 'અંધારામાં એક ચામાચીડિયું ઊડી પ્રકાશમાં આવ્યું અને પીઢિયા પર વાગોળની જેમ ઊંધું લટકી પડ્યું.' (પાના નં.૧૨૯)

આ તમામ સ્વપ્નો ત્રીજા પુરુષના કથક તરીકે રજૂ થાય છે. તો ડાયરી તથા દિવાસ્વપ્ન પ્રથમ પુરુષના કથન કેન્દ્રથી આલેખાયા છે. સ્વપ્નમાં સંવાદો ખૂબ જ ઓછાં છે. જ્યાં છે ત્યાં ટૂંકા અને નવીનના માનસને રજૂ કરવા સહાયક બને છે.

'સ્વપ્નતીર્થ' નવલકથાના મહાકાય સ્વપ્નો પૈકીના બે સ્વપ્નો દિવાસ્વપ્નની કોટિના છે જ્યારે બાકીના રાત્રિના સ્વપ્નો છે. યાત્રા પૂર્વેની રાત્રિના સ્વપ્નમાં મધ્યરાત્રીના સમયનો ઉલ્લેખ જોવા મળે છેઃ 'મધરાતના બે પછીના સમયદ્વારમાં પ્રવેશી ચૂકી હતી.'(પાના નં.૪૦) તો પ્રથમ રાત્રિનું સ્વપ્ન પૂર્ણ થાય છે ત્યારે કોઈ તેને દાંતણ પાણી માટે ઢંઢોળે છે. ત્રણ-ચાર વાગ્યાનું પરોઢ થયું હોવાનો ઉલ્લેખ જોવા મળે છે. ચોથા દિવસનું સ્વપ્ન પૂર્ણ થતાં પાંચ વાગી ચૂક્યા હોય છે. આમ એકાદ બે અપવાદને બાદ કરતાં મોટાભાગના સ્વપ્નોનો સમયગાળો મધ્યરાત્રિનો છે. માનવને આ મધ્યરાત્રીના સમયમાં જ ગાઢ ઊંઘ આવતી હોય છે. જ્યારે જાગ્રતમન સુષુપ્ત થાય છે અને અજાગ્રત મન પોતાનો પરચો બતાવે છે. અંદરની દટાયેલ લાગણીઓ બળવત્તર બની સ્વપ્ન સ્વરૂપે પ્રગટ થાય છે.

આ તમામ સ્વપ્નો સરળ સ્વરૂપના છે. થોડાક કલ્પનોને બાદ કરતા જટિલ કહી શકાય તેવી ગૂંચ સ્વપ્ન સમજવા ઉપજતી નથી. પિતાને શોધવાની ઝંખના અને મળવાની અશક્યતા ખડગ તલવારમાં રૂપાંતરિત થાય છે. માતાનો વ્યભિચાર સરળ સ્વરૂપે પિતાના ફોટામાં વિનાયક કાકા અને ઘનશ્યામ મહારાજ દર્શાવી રજૂઆત પામ્યા છે. રીંછનું પ્રેત, પિતાની ઇચ્છાનું વિસ્થાપિત સ્વરૂપ બને છે. નવીનનું દિવાસ્વપ્ન થોડું જટીલ કહી શકાય તેવું અવાવરુ વાવ કે અરણ્યમાં પહોંચવું તેના વિચાર મંડળનું રૂપક છે. તમામ સ્વપ્નો પૂરેપૂરી ચિત્રાત્મક શૈલીમાં રચાયા છે. આ સ્વપ્નોની પૃષ્ઠભૂમિ પ્લેટફોર્મ છે નવીનનું અચેતન મન. નવીનના અચેતનમાં સંઘરેલ માતા વિશે પિતા વિશેની ભ્રામક અભ્રામક દબાયેલી સ્મૃતિ છે. નવીનનું અંતર્મુખીપણું પણ આ સ્વપ્નો માટે જવાબદાર છે તે બધી વાત કરતો નથી એટલે ખુદની દબાયેલી લાગણી

અન્ય કોઈ સ્વરૂપે પ્રગટે છે. પોતાના પતિને પ્રેમી સાથે મળીને મારી નાખતી સ્ત્રીમાં પરિચિત ચહેરો (માતા) જુએ છે. એકવાર ઘરે વહેલો આવે છે ત્યારે વિનાયક કાકા અને માતાને બંધ બારણાં પાછળ સાથે જુએ છે. જેથી માતા વ્યભિચારી હોવાની બાબત મનમાં સતત ઘુમરાયા કરે છે. સત્યકામ જાબાલીની કથા નવીનના મન સાથે સરસ સાદશ્ય પામે છે. કથામાં 'બોલ તારા પિતા કોણ' જેવા શબ્દો સાંભળી નવીન મનમાં બબડે છે 'મથુરદાસ'. આ ઘૂંટાતી વિચારસરણી અને તેના યૌવન સહજ ભાવો પણ સ્વપ્ન માટે ઉપકારક બને છે. ઘણી બધી બાબતો હોઈ શકે છે જે બાળપણમાં તે ન સમજતો હોય પરંતુ હવે સમજતો થયો હોય. આ તમામ બાબતો સ્વપ્ન માટે કાચી સામગ્રી બની રહે છે. સાથો સાથ સ્વપ્ન ઉકેલવાની ચાવી પણ બને છે.

સ્વપ્નને ઉકેલવાની વિગત સાવ નાની છે. સુરેશ જોશી જેમ કહે છે તેમ ઘટનાહ્રાસ થયો છે એથી વધુ તો ઘટનાને નવલકથામાં ઓગાળવામાં આવી છે. નવીનનું પિતા અને માતા માટેનું જે સંવેદન છે એ જ સ્વપ્નતીર્થ છે. દેખીતી કોઈ ઘટના નથી. સુમન શાહ 'કથાપદ'માં કહે છે તેમ સંવેદનની સ્વપ્નતીર્થ વડે રચાતી સૃષ્ટિ માત્ર સ્વપ્નતીર્થમાં જ ઉપલબ્ધ છે. લેખકે વિગત શૂન્ય વાસ્તવને પોતાની સર્જકતાનો વિષય બનાવ્યો છે અને પરિણામે એ સંવેદનને સાહિત્ય વાસ્તવને રૂપ આપણે પામીએ છીએ. નવલકથાને ઉકેલવાનો પ્રથમ પ્રયત્ન કદાચ ગૂંચવણભર્યો લાગે પરંતુ ધીરે ધીરે નવલકથાને પામતા તેના મૂળ સંવેદન સુધી પહોંચી શકાય. નિરંજન ભગત કહે છે તેમ આ નવલ પદ્ધતિમાં કશું જ સંપૂર્ણપણે સ્પષ્ટ નથી અને કશું જ સંપૂર્ણ પણે અસ્પષ્ટ પણ નથી. બધું જ સ્પષ્ટ અસ્પષ્ટ છે. તેઓ આ બાબત નવલકથાના સમગ્ર બાબતે કહે છે પરંતુ સમયની સાથોસાથ તેના વિષય વસ્તુને પણ એટલી જ લાગુ પડે અને પ્રયુક્તિને પણ. થોડીવાર વાચકને લાગે કે 'સ્વપ્નતીર્થ' સ્વપ્ન જ છે તો ઘડીમાં તેના નિર્દેશો જ સમજાવે કે જાગૃતિ છે. એટલે અહીં નિરંજન ભગતે કહ્યું તેમ સ્થળ, સમય સ્પષ્ટ હોય પરંતુ તેને 'પંચાંગમાં પામી શકાય એવો સમય અને નકશામાં નિર્દેશી શકાય એવું સ્થળ ઇષ્ટ નથી'. કેમકે આ નવલકથા ભલે પ્રયોગશીલ નવલકથા હોય પરંતુ તેનું પોત પરંપરામાં છે. તે સામાજિક નવલકથાની જેમ ભાવુક કરતી નથી પરંતુ પ્રયોગશીલ નવલકથાની માફક સમકાલીનથી પેલે પાર પણ લઈ જતી નથી. સ્વપ્નની પદ્ધતિ પ્રયોગશીલતાનું લક્ષણ સૂચવે છે પરંતુ તે સ્વપ્નનું ભાથું પરંપરાનું છે. પ્રવીણ દરજી

'ઉદ્દેશ'માં જણાવે છે તેમ 'પ્રયોગશીલ નવલકથાનો કોઈ બૌદ્ધિક નાયક અહીં નથી અથવા સામાજિક નવલકનો કોઈ ભાવનાશીલ નાયક પણ અહીં આપણી વચ્ચે નથી.'

સ્વપ્નમાં રજૂ થતા સ્વપ્નોને વિવિધ વિવેચકો અલગ અલગ સ્તરમાં વિભાજિત કરે છે. ભરત નાયક પણ અહીં સ્વપ્નના ત્રણ સ્તર હોવાની વાત કરતાં સ્વપ્નના સહજ ગુણ વિશે જણાવે છે કે સ્વપ્ન આવશે શરૂ થશે એવી પૂર્વયોજિત યુક્તિને પણ સાવ ગૌણ બનાવી દે એટલી ઉત્કટ ગતિઓ સ્વપ્નોના સ્વરૂપમાં છે. આ સ્વપ્નો કેવા આવશે એ વિશેની કોઈ અપેક્ષા સાચી પડતી નથી. વધુમાં ભરત નાયક આ નવલકથાનું પોત ૧૭૪ પાનાનું જણાવે છે પરંતુ ખરેખર તો પ્રસ્તાવના સહિત પણ ૧૫૪ પાના જ થાય છે. નવલકથા તો માત્ર ૧૨૧ પાનામાં જ સમાવિષ્ટ છે. ૧૨૧ પાનાની આ નવલકથા છે જેનાં નામમાં જ સ્વપ્ન જોડાયેલું છે. તેના અંતમાં વર્તુળાકાર ગતિ પૂર્ણ કરી સ્વપ્નમાં તીર્થ અને તીર્થમાં સ્વપ્નનું વિસર્જન પામે છે. પ્રવીણ દરજી તથા બાબુ દાવલપુરા પણ આ નવલકથાને સ્વપ્ન રૂપી તીર્થ જ ગણાવે છે. સ્વપ્ન જ જાણે તીર્થ બની રહે છે સ્વપ્નની બહાર કશું નથી બધું સ્વપ્નમાં સંક્ષેપમાં સ્વપ્નતીર્થનું સ્વપ્નમાં તીર્થ. અને સ્વપ્ન એ જ જાણે તીર્થ.'

સમગ્ર નવલકથા સ્વપ્નથી શરૂ કરી સ્વપ્નમાં જ પૂર્ણ થાય છે. સ્વપ્નતીર્થ એક ઘેઘુર વડલા જેવું સ્વપ્ન છે અને તેમાં રજૂ થતા રાત્રી સ્વપ્ન, દિવાસ્વપ્ન તેની શાખા પ્રશાખાઓ બને છે. આ તમામ શાખા પ્રશાખાઓ પર એક જ ફળ આવે છે અને તે છે નવીનના આંતરમનની સંવેદના -સંવેદના પિતા માટેની. જે પિતાથી પ્રેતમાં અને આગળ પરમેશ્વરમાં વિલીન થાય છે. ઘણા વિવેચકો આ નવલકથાને 'હેમલેટ' સાથે સરખાવે છે પરંતુ 'હેમલેટ' જેવો દેખીતો સંઘર્ષ અહીં નથી. માતા પણ 'હેમલેટ'ની માતા જેમ વ્યભિચારી છે જ એવા દેખીતા પુરાવા પણ નથી. અહીં તો છે માત્ર કિશોર મનના તરંગો. કિશોર સમયમાં આમ પણ વિચારો ચિત્રાત્મક હોય છે. જે જલ્દીથી સ્વપ્નોમાં રૂપાંતરિત થઈ શકે છે. આ નવલકથા સંપૂર્ણપણે મનોવૈજ્ઞાનિક બની શકી છે. નવીનના મનની ઉપજ જ છે 'સ્વપ્નતીર્થ'.

સંદર્ભ નોંધઃ રાધેશ્યામ શર્મા, સ્વપ્નતીર્થ, પાર્શ્વ પબ્લિકેશન- અમદાવાદ, આવૃત્તિ-૨૦૦૧.